**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૮૪ ટકા



ગાંધીનગરમાં ચાતુર્માસ નિમિત્તે વિધ્વાન જૈન તપસ્વીઓ બિરાજમાન છે જેમના જ્ઞાન અને વાણીનો લાભ શહેરના ભાવિકોને મળી રહ્યો છે. સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ આયોજિત સામુહિક અષ્ટપ્રકારી પૂજા તથા જાહેર પ્રવચન અને શિબિર અનુષ્ઠાનોમાં બાળકો તથા યુવાનોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# સિવિલની પાણીની ટાંકીઓ મચ્છરોનું ઉદ્‌ભવ સ્થાન

ગાંધીનગર, તા.૨૯

બિમારીમાં સપડાતા દર્દીઓ પોતાનું સ્વાસ્થય સારું થઈ જાય તે માટે દવાખાનામાં જતા હોય છે ત્યારે પરંતુ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાણી ભરાવાના પગલે અહીં જ મોટા પ્રમાણમાં મચ્છરોના પોરા મળી આવ્યા છે. કોર્પોરેશનની ટીમે રાઉન્ડ લેતા અહીં હોસ્પિટલના ધાબા પર વરસાદી પાણી ભરાયેલું મળ્યું હતું. જેમાં મચ્છરોના બ્રીડીંગ હતા. આ ઉપરાંત સિવિલ કેમ્પસના સ્ટાફ કવાટર્સમાં બિન ઉપયોગી સિમેન્ટની ટાંકીઓ રાખવામાં આવી છે. જેમાં પાણી ભરાવાને પગલે અહીં પણ મચ્છરના પોરા મળી આવ્યા હતા. ગાંધીનગરમાં મચ્છરજન્ય રોગચાળાના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે મેલેરીયા તેમજ ડેન્ગ્યુના દર્દીઓ ના વધારાની સાથે શહેર તેમજ જિલ્લામાં રોગચાળો ન થાય તે માટે ગાંધીનગર શહેરમાં કોર્પોરેશનની ટીમ દ્વારા સિવિલની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. જયાં ટીમને ચોંકાવનારા દશ્યો જોવા મળ્યા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની ઈમારત, ગર્લ્સ હોસ્ટેલ, તેમજ સ્ટાફ કવાર્ટસના ધાબા પર રાખવામાં આવેલી ટાંકીઓના ઢાંકણા જ નથી. એટલું જ નહીં સિવિલના ઓપીડી બિલ્ડીંગ સહિતની તમામ ઉંચી ઈમારતોમાં પાણીની ટાંકીઓ ઓવરફલો થઈ જાય ત્યારે પાણી આપોઆપ બંધ થઈ જાય તેવી કોઈ સિસ્ટમ નથી. આ ઉપરાંત ધાબાને યોગ્ય ઢાળ આપવામાં આવ્યો નથી. જેને પગલે ધાબામાં પાણી ભરાઈ રહે છે. તેમાં મોટા પ્રમાણમાં મચ્છરોનું બ્રિડીંગ મળી આવ્યું છે. આ ઉપરાંત સિવિલ સંકુલમાં આવેલા સ્ટાફ કવાટર્સ પાસે પણ ટીમે તપાસ કરી હતી, જેમાં સિવિલમાં ફરજ બજાવતા કર્મચારીઓ વસવાટ કરે છે. ત્યાંથી જ ૧૧ જગ્યાએ મોટી સંખ્યામાં બ્રિડીંગ મળી આવ્યા હતા. અહીં તાત્કાલીક ધોરણે પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી

# ઈન્દ્રોડા ગામમાં પીવાના પાણીની સમસ્યાનું સુખદ નિરાકરણ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનસુખાકારીના કામોને હંમેશા પ્રાધાન્ય આપવામાં આવે છે. તાજેતરમાં ગાંધીનગરની નજીકમાં આવેલા અને મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૨માં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામમાં પીવાના પાણીની સમસ્યા જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાના ધ્યાન પર આવતાં તાત્કાલિક તંત્ર દ્વારા આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવ્યો છે.

થોડાક દિવસો અગાઉ ગાંધીનગરની નજીક આવેલા ઈન્દ્રોડા ગામમાં ડહોળું પાણી આવી રહ્યું હતું. તેમજ પાણીમાં દુર્ગંધ આવતી હતી. જેથી પીવાના પાણી માટે ગ્રામજનો દ્વારા ઈન્દ્રોડા પાર્કમાંથી પાણી ભરવા જવું પડતું હતું. આ વાત જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના ધ્યાન પર આવતાં જનસુખાકારી કામો કરવા માટે કટિબધ્ધ તંત્ર દ્વારા આ અંગે પાટનગર યોજનાનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી ઈન્દ્રોડા ગામની પાણીની સમસ્યા હલ કરવામાં આવી છે.





## કુકીંગ કોમ્પીટીશનમાં ફયુઝન કેક મેદાન મારી ગઈ

ગાંધીનગરની 'પ્રિટી વિમેન્સ કલબ' દ્વારા તાજેતરમાં કુકીંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨૫ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં સંસ્થાના મહિલા સભ્યો ૨૦૦ અને અન્ય ૨૫ મહિલાઓનો સમાવેશ થાય છે.

કુકીંગ કોમ્પીટીશનમાં મહિલા સ્પર્ધકો દ્વારા વિવિધ ઈનોવેટીવ અને હેલ્ધી રેસીપીઓ રજુ કરવામાં આવી હતી. સ્પર્ધાના જજ તરીકે કુકીંગ માટે ટીવી શો તથા સ્ટેજ શો માટે જાણીતા ન્યુટ્રીશિયન ડૉ. વાચીની ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ધારા પટેલની ફયુઝન કેકને, દ્વિતિય ક્રમાંકે ખ્યાતિ પંડિતના પાવર પેક એનર્જી બાર તેમજ તૃતીય ક્રમાંકે ટીના પીરખના સ્પ્રાઉટ પાત્રા બાસ્કેટની પસંદગી કરવામાં આવી હતી. વિજેતાઓને સંસ્થા દ્વારા ઈનામોથી સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શેફ અભિજીત સરકારે પણ ઉપસ્થિત રહી મહિલાઓને મેકિસકન રાઈસ, બેક ડીશ વીથ પાઈનેપલ અને વોલ્ડરોફ સલાડ જેવી રેસીપી નિદર્શિત કરી હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન સંસ્થાના સ્થાપક શિલ્પા દેસાઈ અને દક્ષા જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

## @ગાંધીનગર

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન હરિચરણ ચિન્હના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૨ના રોજ સુરંગના હિંડોળાના દર્શન સાંજે ૫ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● ગુજરાત પોલીસ આવાસ નિગમની નવ નિર્મિત કચેરીનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્ત સવારે ૯.૩૦ કલાકે સેકટર-૧૦-બી ખાતે કરાશે.



બાળક માટે પ્રથમ ગુરુ એટલે માતા, વિદ્યાર્થી માટે શિક્ષક તેવી જ રીતે એક કલાકાર માટે એના કલાગુરુનું સ્થાન એના જીવનમાં ખૂબ જ મહત્વનું હોય છે. જે તેમના જીવનમાં તેમને વિવિધ કલાના રસ, સંસ્કાર, સુંદર સુદઢ તાલીમ, શિસ્તબધ્ધ રચનાત્મક અભિગમ વાળું જીવન જીવવા માટે પ્રેરે છે. આવા જ શ્રેષ્ઠ કલાગુરુ એટલે શ્રીમતી કુમુદબેન ભટ્ટ કે જેઓ છેલ્લા ૪૦થી પણ વધુ વર્ષોથી તેમની કલા સંસ્થા 'કલા સરગમ' દ્વારા ગાંધીનગર તેમજ અમદાવાદમાં તેમની કલાથી શિષ્યોને પારંગત કરી રહ્યા છે. આવા કલાગુરુને ગુરૂપૂર્ણિમા રોજ વંદન પાઠવવા તેમની ૩૫ જેટલી શિષ્યાઓએ તેમને વંદન પાઠવ્યા હતા. તેમાં ૭ વર્ષની બાળાથી લઈને ૫૦ વર્ષ સુધીની બે બાળકોની માતા સુધીના શિષ્યોનો સમાવેશ થાય છે. આ શિષ્યાઓએ ગુરુવંદના, શિવ વંદના અને ગણેશ વંદના દ્વારા ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી તેમના કલાગુરુ સાથે કરી હતી. શિષ્યોને પણ એક સાથે જોઈ ગુરુ ખૂબ જ ભાવુક થયા હતા અને એમણે એમનો આ અકલ્પનીય અનુભવ ગણાવ્યો હતો. તેમણે શિષ્યાઓને આશીર્વાદ આપતા કહ્યું હતું કે 'ગુરૂ પૂર્ણિમાનું સાચું મહાત્મ્ય એટલે ગુરૂ પ્રત્યેનો પૂજયભાવ, ગુરૂનો અર્થ થાય શ્રેષ્ઠ અથવા મોટો, જ્ઞાન-બુધ્ધિ શિષ્યોમાં પીરસનારો. પરંતુ ગુરુને શ્રેષ્ઠ બનાવે એમના શિષ્યો.' તેમણે ગાંધીનગરની દિકરી હેમા ભટ્ટ અને તેની દિકરી જીલ, ગાર્ગી ઠકકર, કાલીન્દી અને તેની દિકરી દિવ્યા, ધરાંગી, ફાલ્ગુની, ખ્વાબ તેમજ વિદેશમાં રહીને પણ વંદન પાઠવનાર અલ્પા, કિર્તી અને મીનાબેન સાલ્વી તેમજ વિધિ વાણિયા આ તમામને ખૂબ ખૂબ આશીર્વાદ પાઠવ્યા હતા.

# કોલવડામાં જુગાર રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં લાલઘર માતાજીના મંદીર પાછળ એક બોરકુવામાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે ગઈ રાત્રે પોલીસે દરોડો પાડી પાંચ શકુનીઓને રંગે હાથ જુગાર રમતા ઝડપી પાડયા હતા. અને તેમની પાસેથી કુલ રૂપિયા ૧૮,૭૯૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા તથા નાયબ પોલીસ અધિક્ષક એમ. જે. સોલંકીની સૂચના જિલ્લામાં ચાલતી દારૂ-જુગારની પ્રવૃત્તિઓ નેસ્ત નાબૂદ કરવા ગાંધીનગર એસ.ઓ.જી એલસીબી તથા સ્થાનિક પોલીસ મથકના અમલદારો સક્રિય છે ત્યારે ગઈરાત્રે પેથાપુર પીએસઆઈ એલ એસ ચૌધરી તથા તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે કોલવડા ગામમાં લાલઘર માતાના મંદિર પાછળ આવેલા નાળીયામાં જગદીશ જયંતિ પટેલના બોરકુવા પર લાઈટના અજવાળે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પેથાપુર પોલીસ મથકની ટીમે બોરકુવા પર દરોડો પાડયો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી જોકે પોલીસે કોર્ડન કરીને જુગાર રમી રહેલા પાંચેય શકુનીઓને જુગાર રમતા દબોચી લીધા હતા. કોલવડા ગામના રામજી મંદિરની બાજુમાં આવેલા પટેલ વાસમાં રહેતા જગદીશ જયંતિ પટેલ, પરેશ જયંતિ પટેલ, લાલઘર માતાના વાસમાં રહેતા સુરેશ ચંદુ પટેલ, અંબિકાનગર સોસાયટીમાં રહેતા નંદુ કચરા પટેલ અને કોલવડા માઢમાં રહેતા શૈલેષ નટવર પટેલ મળીને પાંચેય જુગારીઓની રોકડ રૂ.૧૮,૭૯૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી તેમની સામે જુગારધારાના ગુના હેઠળનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે સરકારી વિજ્ઞાન કોલેજના પટાંગણમાં રાજય સરકારના વન મહોત્સવ સપ્તાહ અંતર્ગત કોલેજના એનએસએસ યુનિટ દ્વારા શનિવારે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ વનશ્રી ટ્રસ્ટ, જીઈ કલબ અને હેપ્પી યુથ કલબ પણ જોડાઈ હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયા, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. યુ.વી. તરપદા, વનશ્રી ટ્રસ્ટના સંચાલિકા અંજનાબેન નિમાવત, હેપ્પી યુથ કલબના પ્રમુખ સમીર રામી, જીઈ કલબના સંચાલક કશ્યપ નિમાવત સહિત તમામ સંસ્થાઓના અને એનએસએસના ૮૦થી વધુ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો અને ૫૦ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ વૃક્ષારોપણમાં વાવેતર કરાયેલા તમામ વૃક્ષો એનએસએસના સ્વયંસેવકો દ્વારા વૃક્ષ દીઠ સ્વયંસેવકોએ દત્તક લઈ તેને ઉછેરવાનું બીડું ઝડપ્યું છે.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ તેજસ્વી તારલાંઓ સન્માનશે

ગાંધીનગર, તા.૨૯

સિનિયર સિટિઝન કાઉન્સીલની જુલાઈ માસની બેઠક તા. ૩૧-૭-૨૦૧૮ના મંગળવારે સાંજે ૫ કલાકે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી, સે-૭-સી ખાતે યોજાશે. આ સભામાં કાઉન્સીલ દ્વારા સભ્યોના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે. આ સભામાં સર્વે સભ્યોએ સમયસર હાજર રહેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય


- સ્વ. ઠાકોર બાદરજી કાળાજી, ઉ.વ. ૬૦
- સ્વ. શિવાભાઈ રાયસંગભાઈ વાસંફોડા, ઉ.વ. ૬૫

# જો દારૂબંધી હટાવીએ તો દારૂ 'ગુજરાત'ને જ પી નહીં જાય??

## ગુટખા પર પ્રતિબંધથી ગુમાવેલી આવકથી રાજયનો કેટલો વિકાસ અટકયો?? : દારૂબંધી હટાવવાથી નશાખોરોના ગીરવે મુકેલા જમીન-ઘર કે દાગીના પરત મળી જશે?? ડ્રાય સ્ટેટનું ઔદ્યોગિકરણ અન્ય કયા રાજયથી ઉતરતું છે?: જરૂર દારૂબંધી હટાવવાની નહીં તેના કડક અમલીકરણની છે

ગાંધીનગર, તા.૨૯

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી જેમણે દારૂને એક સામાજિક બદી ગણાવી હતી અને તેના થકી બરબાદ થઈ રહેલી એક આખી પેઢીને ઉગારવા તેમણે સાચા હૃદયથી પ્રયાસો કર્યા હતા તે ગાંધીજીના રાજય ગુજરાતમાં દારૂની રેલમછેલથી સૌ કોઈ વાકેફ છે. આ રાજયની ગાંધીજીના નામ પરથી જ રચાયેલ રાજધાની ગાંધીનગરમાં તાજેતરમાં જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીથી પથરો ફેંકી શકાય તેટલા જ અંતરે જનતા રેડ કરી દારૂ વેચાતો પકડવાના દાવા સાથે રાજયના ત્રણ યુવા નેતાઓને કારણે સર્જાયેલા ઘટનાક્રમ સાથે જ રાજયમાં ફરી એકવાર દારૂબંધી હોવી જોઈએ કે નહી તેવી ચર્ચાઓએ જોર પકડયું છે. આવી ઘટનાઓનો લાભ ઉઠાવી દારૂબંધી હટાવી લેવાની તરફેણ કરનારાઓ વિદેશોના ખાસ કરીને પશ્ચિમ દેશોના ઉદાહરણો આપી દારૂબંધી હટાવી દેવામાં આવે તો આટલો દારૂ નહીં પીવાય તેવી ધડ-માથા વગરની દલીલો મોટેથી રજૂ કરે છે પરંતુ તેમને પુછવાની જરૂર છે કે 'શું પશ્ચિમના દેશોમાં જે સામાજિક કે કાયદાકીય શિસ્ત પ્રજામાં છે તેવી શિસ્ત આપણામાં




છે ખરી?'

આમ તો દેશમાં પશ્ચિમી સંસ્કૃતિના અનુકરણ અંગે ઘણી નિંદા કરવામાં આવે છે પરંતુ જયાં દારૂની વાત આવે એટલે તરત પાશ્ચાત્ય સંસ્કૃતિ સારી લાગવા લાગે છે તેવા આ હિમાયતીઓએ એ પણ જોવાની જરૂર છે કે ટ્રાફિક અને પાર્કિંગ જેવી બાબતોથી લઈ સ્વચ્છતા, આરોગ્ય અને જાતિવાદ તથા પુરુષ-મહિલા સમાનતા જેવી તમામ બાબતે પશ્ચિમના દેશોના નાગરિકો જેવી શિસ્તબધ્ધતા પણ હજુ આપણે કેળવી શકયા છીએ ખરા? અત્યારે દારૂ પીધા પછી ડ્રાઈવીંગ કરી અકસ્માતો સર્જતા ફિલ્મ સ્ટારોથી માંડીને સામાન્ય નાગરિકો દારૂબંધી હટાવ્યા પછી શું 'પીધેલી' હાલતમાં વાહન નહીં ચલાવે તેની ગેરંટી કેટલી? દારૂના નશામાં બાળકો પત્નિઓને મારઝૂડ કરનારા, દારૂના પૈસા માટે ચોરી કરનારા, પીને છાકટાં થયા પછી મહિલાઓની છેડતી કે બળાત્કાર સુધ્ધાં કરનારા, મારામારી, ટંટા ફસાદ કે ઝઘડાં કરનારા કે ખુલ્લે આમ દાદાગીરી કરનારા રાતોરાત સુધરી જશે? દારૂબંધી હટાવવાથી દારૂ પીવાથી થતા રોગો અને શારિરીક તકલીફો મટી જશે? દારૂબંધી દૂર કરવાથી નશાખોરો દેવામાંથી મુકત થઈ તેમના ઘર જમીન કે દાગીના ગીરવે મુકેલા હશે તે છોડાવી શકશે કે વેચાઈ ગયા હોય તે પાછા મેળવી શકશે? દારૂબંધી હટાવવાથી ઝેરી દારૂ બનાવવાનો બંધ થઈ જશે તેવી દલીલ કરતા હોવ તો જે ખાદ્ય સામગ્રીઓ કે પીણાંઓ પર



પ્રતિબંધ નથી તેમાં ભેળસેળ યુકત ઉત્પાદન થતું નથી તેવું સાબિત કરી બતાવો. સોચ લો ઠાકુર!!

અત્યારે રાજયમાં દારૂબંધી અમલમાં છે અને તેના કારણે રાજય સરકારે ખૂબ મોટી 'આવક' ગુમાવવી પડી રહી છે. તેવી દલીલ કરનારા જવાબ આપે કે જીએસટીમાં પેટ્રોલને સમાવવા રાજય સરકાર 'આવક' ગુમાવવા તૈયાર કેમ છે? ગુટખા પરના પ્રતિબંધ પછી રાજય સરકારે ગુમાવેલી આવકના કારણે ગુજરાતનો કેટલો વિકાસ અટકયો અથવા રાજય કેટલું પાછળ ધકેલાયું? જયારે અન્ય રાજયો ગુજરાતને અનુસરીને પોતાના રાજયમાં દારૂબંધી લાગુ કરવા આગળ વધી રહ્યા હોય, શું તે રાજયોને આર્થિક નુકસાન અંગે જાણકારી નહીં હોય? ભારતને ગુલામીની ઝંઝીરોમાં જકડનારા અંગ્રેજોની સફળતામાં તે સમયના ભારતીય શાસકોના પતન માટેના પરિબળોમાં શું શરાબ પણ એક મહત્વનું પરીબળ ન્હોતું? દારૂબંધીથી ડ્રાય સ્ટેટ કહેવાતા ગુજરાતમાં મોટી કંપનીઓ આવતી નથી તેવી દલીલ કરનારાઓએ ગુજરાતના ઔદ્યોગિક કે વ્યવસાયગત વિકાસ અન્ય દારૂબંધી નહીં ધરાવતા રાજયો સાથે સરખાવી જોવો જોઈએ. ગુજરાતની ઓળખ સમા વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવ નવરાત્રિથી માંડીને તમામ સામાન્ય દિવસોમાં પણ મહિલાઓ સહિત તમામની લામતી દારૂબંધી નહીં અપનાવનારા રાજયોની સરખામણીએ કેવી છે તે સૌ કોઈને ખબર છે અને રાજય બહાર પ્રવાસ કરનારાઓએ તો અનુભવી પણ હશે જ. હકીકતમાં ગુજરાતમાં સમસ્યા દારૂબંધીની નથી પરંતુ દારૂબંધીના અમલીકરણની છે. રાજયમાં છડેચોક દારૂ મળે છે અને સભ્ય કહેવાતા પરિવારોમાં 'દારૂ પીવો' એ ખૂબ જ સામાન્ય રીતે સ્વીકૃતી પ્રાપ્ત છે તે સર્વ વિદિત છે. ચૂંટણીથી માંડીને તમામ તહેવારોમાં, વ્યકિતગત કે સામાજિક પ્રસંગોની ઉજવણીઓ વગેરેમાં દારૂ પીવાનું એટલું સામાન્ય બની રહ્યું છે કે દારૂબંધી હોવા છતાં આ બદી હટાવવી અશકય બની રહી છે. હવે તો યુવતીઓ પણ દારૂ પીવાની 'ફેશન'માં જોડાઈ રહી છે તે અત્યંત ચિંતાજનક સ્થિતિ છે. ગુજરાત વિધાનસભાના ગત સત્રમાં સરકારે આપેલા આંકડા મુજબ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાંથી વિદેશી દારૂની ૧.૮૭ લાખ બોટલ, બિયરની ૩૫,૯૨૨ બોટલ તેમજ દેશી દારૂ ૩૨૦૯૧ લીટર તેમજ અમદાવાદ જિલ્લામાંથી ૩.૬૬ લાખ બોટલ વિદેશી દારૂ, ૮૬૬૪૯ બોટલ બિયર તેમજ ૨.૧૦ લાખ લીટર દારૂ પોલીસે ઝડપ્યો હતો જો ઝડપાયેલો દારૂ જ આટલા વિશાળ જથ્થામાં હોય તો ના ઝડપાયેલો જથ્થો ઉમેરીએ તો દારૂબંધીના અમલીકરણની સાચી વાસ્તવિકતા જણાઈ આવે છે.

આજે પણ ગુજરાતના તમામ શહેર કે ગામની શેરી કે રસ્તા પર દારૂ પીને 'ટૂન્ન' થઈ ગયેલા કે બેભાન થઈ ગયેલા રોડ સાઈડ આળોટતા જોવા મળે છે. આ દશ્યો જોતા જરા કલ્પના કરજો કે તેના પરિવારની શુંહાલત હશે? આજે સોશ્યલ મિડીયા જીવનનું અત્યંત અગત્યનું અંગ બની ગયું છે તે બધા કબુલશો, તો જરા એટલું પણ વિચારી જુઓ કે ચીને વ્હોટસએપને હજુ પોતાના દેશમાં પ્રવેશ નથી આપ્યો તેમજ ગુગલ પર પણ કડક નિયંત્રણો લાદી રાખ્યા છે છતાં તે રાષ્ટ્ર શા માટે આટલી પ્રગતિ કરી શકે છે? દારૂ દારૂડિયાને પી જાય છે તેવું કહેતા હતા પરંતુ ચેતજો કયાંક દારૂબંધી હટતા એ દારૂ આખા રાજયને ના પી જાય.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com